## નવસારીમાં પોક્સોનાં 2 આરોપીને 20 વર્ષની સજા

**ખેરગામની** બે સગીરાઓને ઉત્તર પ્રદેશ લઈ જઈ યૌન શોષણ કરનાર આરોપીઓ દોષિત ઠર્યા, પીડિતાઓને વળતર ચૂકવવાનો પણ આદેશ

નવસારીઃ સગીર વયની બાળાઓના વિશ્વાસનો ગેરલાભ ઉઠાવી લગ્નના ખોટાં સપનાં બતાવી તેમને પરિવારથી દૂર લઈ જઈ યૌન શોષણ આચરનાર બે આરોપીઓ સામે નવસારીની સ્પેશિયલ પોક્સો કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. બાળાઓના જીવન સાથે ખેલ કરનાર ભોલા કાલુ કશ્યપ અને માંગે ચંદ્રપાલ કશ્યપને અદાલતે દોષિત ઠેરવી 20-20 વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

કેસની હકીકત મુજબ, વર્ષ 2025 દરમિયાન ખેરગામ વિસ્તારની બે સગીર બાળાઓને આરોપીઓએ લગ્ન કરવાની લાલચ આપી પોતાના વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ બંને બાળાઓને ઉત્તર પ્રદેશ લઈ જઈ તેમની સાથે વારંવાર શારીરિક સંબંધો બાંધવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થયા બાદ પોલીસે તપાસ શરૂ કરી આરોપીઓ સામે મજબૂત પુરાવા એકત્ર કર્યા હતા.

તપાસ દરમિયાન મળેલા મૌખિક પુરાવા, તબીબી અહેવાલો અને વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે નવસારી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. કેસની સુનાવણી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ ચિન્મય જી. મહેતાની અદાલતમાં ચાલી હતી.

સુનાવણી દરમિયાન વિશેષ સરકારી વકીલ ભાવેશ જી. ગુપ્તાએ દલીલ કરી હતી કે સગીરાઓ સામેના આવા જઘન્ય ગુનાઓ માટે કોઈપણ પ્રકારની દયા સમાજ માટે ખોટો સંદેશ સાબિત થઈ શકે છે. રજૂ થયેલા પુરાવાઓ અને દલીલોને ગ્રાહ્ય રાખી અદાલતે બંને આરોપીઓને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવ્યા હતા.

અદાલતે બંને આરોપીઓને 20-20 વર્ષની સખત કેદની સજા સંભળાવવાની સાથે ગુજરાત વિક્ટિમ કમ્પનસેશન સ્કીમ હેઠળ બંને પીડિત બાળાઓને રૂ. 1 લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો હતો.

## ફ્લાઈંગ રાણી ટ્રેન હવે ઉમરગામ પણ ઊભી રહેશે

**સાંસદ** ધવલભાઈ પટેલના પ્રયાસથી સ્ટોપેજ મળતાં લોકોમાં આનંદ છવાયો

વલસાડઃ વલસાડ જિલ્લાના ઉમરગામ રેલવે સ્ટેશન પર ફ્લાઈંગ રાણી એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ મંજૂર થતાં મુસાફરોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે.

સાંસદ ધવલભાઈ પટેલના પ્રયાસથી અને નવી દિલ્હીમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે સ્ટોપેજ મુદ્દે રૂબરૂ મુલાકાત બાદ રેલવે દ્વારા સ્ટોપેજ અપાયું છે. દૈનિક મુસાફરી કરતા નોકરિયાત વર્ગ અને વેપારીઓના સમય અને નાણાંની મોટી બચત થશે. ઉમરગામ-સંજાણ વિસ્તારના હજારો શ્રમિકો, અપડાઉન કરતા મુસાફરો દ્વારા લાંબા સમયથી આ ટ્રેન સ્ટોપેજ માટે માંગણી કરવામાં આવી રહી હતી. ઔદ્યોગિક વસાહત ધરાવતા ઉમરગામ તાલુકા અને સંજાણ વિસ્તારમાં દિનપ્રતિદિન ઉદ્યોગો અને વસ્તીનો વ્યાપ વધી રહ્યો છે.

અહીં હજારોની સંખ્યામાં શ્રમિકો અને દૈનિક મુસાફરો રોજીરોટી માટે સુરત અને મુંબઈ તરફ અપડાઉન કરે છે. મુસાફરોની આ સુવિધા અને લાંબા સમયની માંગણીને વાચા આપવા માટે સાંસદ ધવલભાઈ પટેલે નવી દિલ્હીમાં કેન્દ્રીય રેલવે મંત્રી સાથે રૂબરૂ મુલાકાત કરીને આ વિસ્તારની રેલવે સુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. રેલવે મંત્રીએ પણ પ્રજાહિતની આ બાબતને સકારાત્મક રીતે લઈને તાત્કાલિક ધોરણે ફ્લાઈંગ રાણી એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ ઉમરગામમાં મંજૂર કર્યું છે.

## નવસારી મનપાના બેદરકાર 10 કર્મચારીઓને નોટિસ

**સ્વચ્છતા,** ડ્રેનેજ, દબાણ અને પ્રજાલક્ષી પ્રશ્નોના નિકાલ માટે અધિકારીઓને સમયબદ્ધ કામગીરીના આદેશ

નવસારી : નવસારી મહાનગરપાલિકાના કમિશનર જયેશ ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને યોજાયેલી સાપ્તાહિક સમીક્ષા બેઠકમાં વિવિધ વિભાગોની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. શહેરના વિકાસ કાર્યો, પ્રજાલક્ષી પ્રશ્નોના નિકાલ અને વિવિધ વિભાગોની કામગીરી અંગે કમિશનરે જવાબદાર અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી.

બેઠક દરમિયાન લોકફરિયાદોના નિકાલમાં બેદરકારી દાખવનાર 10 જેટલા જવાબદાર કર્મચારીઓ સામે નોટિસ ઇસ્યુ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કમિશનરે સ્પષ્ટ જણાવ્યું હતું કે નાગરિકોની ફરિયાદોના નિકાલમાં કોઈપણ પ્રકારની ઢીલાશ સહન કરવામાં આવશે નહીં.

ઇજનેર શાખાની કામગીરીની સમીક્ષા દરમિયાન સમયમર્યાદા પૂર્ણ થયા છતાં કામ પૂર્ણ ન કરનારી બે એજન્સીઓ સામે તાત્કાલિક નોટિસ ફટકારવા સૂચના આપવામાં આવી હતી. પ્રિન્ટ મીડિયામાં પ્રકાશિત થતા પ્રજાલક્ષી પ્રશ્નોની પણ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. કમિશનરે સંબંધિત અધિકારીઓને આવા પ્રશ્નોના તાત્કાલિક નિરાકરણ માટે અલ્ટીમેટમ આપતાં જણાવ્યું હતું કે સમસ્યાઓના ઉકેલમાં વિલંબ સામે જવાબદારી નક્કી કરવામાં આવશે. ડ્રેનેજ વિભાગની કામગીરી દરમિયાન જરૂરી સલામતીના પગલાં લેવામાં ન આવતા કમિશનરે ગંભીર નોંધ લીધી હતી. કામ દરમિયાન બેરિકેટિંગ ન કરવાના મુદ્દે સંબંધિત અધિકારી અને જવાબદાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી.

રેલવે સ્ટેશન વિસ્તાર, મોટા બજાર તથા શાકભાજી માર્કેટ સહિતના વિસ્તારોમાં દબાણો દૂર કરવા દબાણ શાખાને વિશેષ અભિયાન હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી.

## નવસારી: ઢોળાયેલા ઓઈલના કારણે 10 વાહનચાલકો લપસ્યા

**તંત્રનું** કામ સ્થાનિક વેપારીઓએ કરી બતાવ્યું, લોકોને મદદ કરવા સાથે રસ્તા પર માટી નાખી વધુ લોકોને પડતા બચાવ્યા



નવસારીઃ શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા લુન્સીકૂઈ વિસ્તારમાં ગુરુવારે રોડ પર ફેલાયેલા ઓઈલના કારણે અકસ્માતોની ઘટના સામે આવી હતી. માર્ગ પર અચાનક ચીકાશ વધી જતાં ત્યાંથી પસાર થતા અનેક ટુ-વ્હીલર ચાલકો વાહન પરનો કાબૂ ગુમાવી બેઠા હતા. ઘટનામાં અંદાજે 10 જેટલા વાહનો સ્લીપ થતાં કેટલાક લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. રસ્તા પર કોઈ વાહનમાંથી ઓઈલ ઢોળાઈ જતાં માર્ગ જોખમી બની ગયો હતો.

શરૂઆતમાં વાહનચાલકોને આ બાબતની જાણ ન હોવાથી તેઓ સામાન્ય ગતિએ પસાર થતા રહ્યા હતા, પરંતુ ચીકણા રસ્તાને કારણે એક પછી એક વાહનો લપસવા લાગ્યાં હતાં. અકસ્માતગ્રસ્ત વાહનચાલકોને મદદ કરવા સ્થાનિક લોકો અને વેપારીઓ તરત જ આગળ આવ્યા હતા. ઘાયલોને સહાય કરવાની સાથે વધુ અકસ્માતો ન સર્જાય તે માટે પણ સ્થાનિકોએ તાત્કાલિક પગલાં લીધાં હતાં.

સ્થાનિકોએ રસ્તા પર માટી અને ધૂળ પાથરી ઓઈલની અસર ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો. ઉપરાંત માર્ગ પરથી પસાર થતા અન્ય વાહનચાલકોને હાથના ઈશારાથી ધીમા પડવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી હતી. સ્થાનિકોની આ જાગૃતિને કારણે પાછળથી આવતા અનેક વાહનો અકસ્માતનો ભોગ બનતા બચી ગયા હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં સંબંધિત તંત્રને પણ માહિતગાર કરવામાં આવ્યું હતું.

## CETPમાં 2,400 સહિત પાંચ હજાર વૃક્ષોનું વાવેતર

**વિઆઈએ,** ગ્રીન સોસાયટી સહિતની વિવિધ સંસ્થાઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી



વાપીઃ વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA)ની ગ્રિન સોસાયટી દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, નોટિફાઈડ એરિયા ઓથોરિટી - વાપી, વાપી ગ્રિન એન્વાયરો લિમિટેડ અને ઈન્ડસ્ટ્રીઝના સભ્યોના સહયોગથી, ગુજરાત સરકારના નાણાં, ઉર્જા અને શહેરી વિકાસ તેમજ શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં 5 જૂન શુક્રવારે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

વાપી ગ્રિન એન્વાયરો લિમિટેડ સંચાલિત સીઈટીપી વાપી ખાતે 2400 વૃક્ષોના સામૂહિક વાવેતર દ્વારા ગાઢ વનીકરણના આયોજનની શરૂઆત કરવામાં આવી હતી. સ્વામી વિવેકાનંદ ગુરુકુળ, ડુંગરા ખાતે લોન અને 1200થી વધુ વૃક્ષોનું વાવેતર કરી બગીચાના નિર્માણ કાર્યનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સહયોગથી શાળાની બાઉન્ડ્રી પર વધુ 800 વૃક્ષો વાવવાનું આયોજન છે.

VIA ના પ્રમુખ સતીષભાઈ પટેલ, ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા, માનદ મંત્રી અને ગ્રિન સોસાયટી ચેરમેન કલ્પેશભાઈ વોરા, ખજાનચી રાજુલભાઈ શાહ, માનદ મંત્રી ચંદ્રેશભાઈ મારુ, એડવાઈઝરી બોર્ડ મેમ્બર અને પૂર્વ પ્રમુખ યોગેશભાઈ કાબરિયા અને પ્રકાશભાઈ ભદ્રા, પૂર્વ પ્રમુખ કમલેશ પટેલ, એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર ક્રિષ્નાનંદ હેબલે, GPCB વાપીના પર્યાવરણ ઈજનેર ઈન્દ્રવર્ધન પટેલ, NAA વાપીના ચીફ ઓફિસર મહેશ કોઠારી, NAA વાપીના ડેપ્યુટી ઈજનેર વત્સલ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડ રેલવે સ્ટેશન પર મોબાઇલ ચોરીને ભાગનારાને પકડી પાડ્યો

વલસાડઃ લખન લચ્છુ મહંતો (ઉં.૩૫) ગત રોજ મજૂરી કામ ન મળતા વલસાડ રેલવે સ્ટેશનના દક્ષિણ તરફના દાદર પર આરામ કરી રહ્યા હતાં. સવારે આશરે ૯ વાગ્યાની આસપાસ તેઓ ઉંઘમાં હતા, ત્યારે તેમની પાસે રહેલો રૂ. ૧૩,૫૦૦ની કિંમતનો મોબાઈલ ફોન કોઈ અજાણ્યા ઈસમે પેન્ટના ખિસ્સામાંથી સેરવી લીધો હતો. તેમણે તાત્કાલિક 'ચોર-ચોર'ની બૂમો પાડતા પ્લેટફોર્મ પર હાજર ખાનગી કપડામાં પેટ્રોલીંગ કરી રહેલા રેલવે પોલીસના જવાનો સક્રિય થયા હતાં. પોલીસે ભાગી રહેલા તસ્કરને દોડીને દબોચી લીધો હતો. પોલીસ કર્મચારીઓએ આરોપીના પેન્ટના ખિસ્સાની તલાશી લેતા તેમાંથી ચોરી થયેલો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પોલીસ પૂછપરછમાં પકડાયેલા આરોપીએ પોતાનું નામ ઉદયભાન ઉર્ફે રાજુ કાનપુરિયા મુન્નીલાલ સાહની (ઉં.૩૦, મૂળ રહે. ચાંદપુર, ઉત્તર પ્રદેશ) હોવાનું જણાવ્યું હતું, જે હાલ વલસાડ રેલવે સ્ટેશન પર રખડતું જીવન જીવે છે.

### વાપી જ્ઞાનગંગા હાઈસ્કૂલમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



વાપીઃ વાપી છીરી સ્થિત જ્ઞાનગંગા હાઈસ્કૂલમાં શાળાના ટ્રસ્ટી સંદીપભાઈ પટેલના માર્ગદર્શન તળે શાળાના આચાર્ય સુનીલ નાયર અને શિક્ષકોની હાજરીમાં શાળાના નર્સરીથી ૧૧ સુધીના વિદ્યાર્થીઓએ શાળા પરિસરમાં ૫૦થી વધુ વૃક્ષો વાવી વિશ્વ પર્યાવણ દિવસની ઉજવણી કરી હતી. છેલ્લાં 17 વર્ષથી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે. શાળાના ટ્રસ્ટી સંદીપભાઈ પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, આજના સમયમાં તેમજ વધી રહેલી વસ્તીને કારણે ઠેર ઠેર વૃક્ષો અને જંગલોને કાપી નાખવામાં આવી રહ્યા છે. જેની સીધી અસર પર્યાવરણ પર પડે છે. જો આપણે પૃથ્વીને બચાવવી હોય તો જેમ બને એમ વધુને વધુ વૃક્ષઓ વાવવા પડશે. રોજબરોજ વિદ્યાર્થીઓ દ્વારા તેની માવજત કરવામાં આવશે તેવી પ્રતિજ્ઞા પણ લેવડાવામાં આવી હતી.

### વઘઈના ભેસકાતરીમાં પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન અપાયું


ગિરીશ ભોયે

સાપુતારાઃ નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. હેમંત શર્મા તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. હર્ષદ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ વઘઈ તાલુકાના ભેસકાતરી ગામે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) ગૌરાંગ બી. પડસાળાએ વિશ્વ પર્યાવરણ દિવસના મહત્વ અંગે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ગ્લોબલ વોર્મિંગ, પર્યાવરણ પ્રદૂષણ અને જંગલોના સતત થઈ રહેલા નિકંદન જેવા ગંભીર મુદ્દાઓ અંગે જાગૃતિ ફેલાવી હતી. સાથે જ પર્યાવરણનું સંતુલન જાળવવા માટે વધુમાં વધુ વૃક્ષારોપણ કરવાની, નદીઓ, દરિયા કિનારા અને જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવાની તેમજ કચરાના યોગ્ય નિકાલ અંગે ખેડૂતોને પ્રેરિત કર્યા હતા.આ ઉપરાંત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અંગે માર્ગદર્શન આપતા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓનો વ્યાપક ઉપયોગ કરી ખર્ચમાં ઘટાડો, અને જમીનની ફળદ્રુપતા જાળવી વધુ સારી ખેતી કેવી રીતે કરી શકાય તે અંગે સમજ આપવામાં આવી હતી.

### ડાંગની કલેક્ટર કચેરીમાં વૃક્ષારોપણ



ગિરીશ ભોયે

સાપુતારાઃ 'વિશ્વ પર્યાવરણ દિવસ' તેમજ દેશના વડાપ્રધાનનાં ૧૨ વર્ષનાં સફળ જનકલ્યાણલક્ષી શાસનની ઉજવણીના ભાગરૂપે ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર એન.ડી. પરમાર, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. તબિયાર અને પ્રાંત અધિકારી ઉમેશ પટેલ સહિત કલેક્ટર કચેરીના કર્મચારીઓએ કચેરી પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. પ્રકૃતિથી પ્રેરિત, આપણા માટે અને આપણા ભવિષ્ય માટેના સંદેશા સાથે કેન્દ્ર સરકારના "એક પેડ મા કે નામ ૩.૦" અભિયાન અંતર્ગત જિલ્લા કલેક્ટરે વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે માત્ર વૃક્ષ વાવવા પૂરતું સીમિત ન રહેતા, તેના ઉછેર અને યોગ્ય જાળવણી કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો.સમાજના તમામ લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા વધે, પ્રકૃતિનું રક્ષણ થાય અને હરિયાળીમાં વધારો થાય તેવા આશય સાથે કલેક્ટર કચેરીના ઉચ્ચ અધિકારીઓથી લઈને સેવકગણ સુધીના તમામના હસ્તે વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું હતું. કલેક્ટરએ ઉપસ્થિત તમામ કર્મચારીઓને પર્યાવરણના જતન માટે કટિબદ્ધ થવા અપીલ કરી હતી.આ પ્રસંગે આહવા પૂર્વના આર.એફ.ઓ. આરિફ ઢેબા સહિત વન વિભાગના કર્મયોગીઓ અને કલેક્ટર કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ રેલવેમાં ચોરી કરનારા ઘરના જ નીકળ્યાં

**ડુપ્લિકેટ** ચાવી બનાવી રવિવારની રજાએ જ ચોરીને અંજામ આપતા હતા

વલસાડઃ વલસાડ રેલવે ઈલેક્ટ્રિક લોકો શેડના એન.એસ. સેક્શનમાંથી કોપર અને બ્રાસની ચોરીના ગુનાનો રેલવે સુરક્ષા બળ અને ડિટેક્શન ટીમે ભેદ ઉકેલી નાખ્યો છે. આ ચોરીમાં કોઈ બહારની ગેંગ નહીં, પરંતુ રેલવે કોર્ટનો જ એક પટાવાળો અને લોકો શેડનો જ રેલવે કર્મચારી સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું હતું.

ગત ૩૦ માર્ચે વલસાડ ઈલેક્ટ્રિક શેડમાંથી કોપર અને બ્રાસના કિંમતી સામાનની ચોરી અંગે ગુનો નોંધાયો હતો. સીસીટીવીમાં દેખાતા સંદિગ્ધ શખસ અંગે ચોક્કસ બાતમી મળતા ડિટેક્શન ટીમે ૩ જૂને મોઈન અશરફ બિલીમોરિયા (ઉં. ૩૦, રહે. ફાતિમા કોમ્પ્લેક્સ, સરકારી હોસ્પિટલ સામે, ધનભુરા રોડ, વલસાડ)ને ઝડપી પાડ્યો હતો. મોઈનની કડક પૂછપરછ દરમિયાન તેણે વલસાડ રેલવે લોકો શેડમાં જ વ્હીકલ ડ્રાઈવર (MLD-II) તરીકે ફરજ બજાવતા રેલવે કર્મચારી વસીમ મોહમ્મદ યાકુબ મન્સૂરી સાથે મળીને આ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેના આધારે પોલીસે વસીમ મન્સૂરી (રહે. નવસર્જન સોસાયટી, બેચર રોડ, વલસાડ)ની પણ અટકાયત કરી હતી.

બંને આરોપીઓની કબૂલાત મુજબ ફેબ્રુઆરી મહિનામાં એક ચાવી બનાવવાવાળાને લોકો શેડમાં લાવ્યા હતા અને સ્ટોર રૂમની ડુપ્લિકેટ ચાવી બનાવી લીધી હતી. ત્યારબાદ માર્ચ મહિનામાં રવિવાર અને રજાના દિવસો (૧, ૮ અને ૧૫ માર્ચ)નો લાભ ઉઠાવી, બપોરે ૧૨થી ૨ વાગ્યાના ગાળામાં એક્ટિવા લઈને સ્ટોર પર પહોંચતા હતાં.

ડુપ્લિકેટ ચાવીથી સ્ટોર ખોલી, કોપર અને બ્રાસનો સામાન બોરામાં ભરી બહાર કાઢી લેતા હતા. ત્યારબાદ એક્ટિવા મૂકી આવી મોઈનની સ્વિફ્ટ કાર (GJ 15 CN 0183)માં આ ચોરીનો મુદ્દામાલ ભરીને ફરાર થઈ જતા હતાં. ચોરીનો સામાન ગુંદલાવ ચોકડી, જામલી ફળિયા ખાતે શ્યામ ટ્રેડર્સ નામની ભંગારની દુકાન ધરાવતા શ્યામ સુંદર રમેશચંદ્ર ગુપ્તા (ઉં. ૪૨, રહે. શેઠિયા નગર, કૈલાશ રોડ, વલસાડ)ને વેચતા હતાં.



### ઉમરસાડી દેસાઈવાડમાં વૃક્ષ, વીજ પોલ ધરાશાયી

પારડીઃ પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ ગામમાં અચાનક વૃક્ષ અને વીજળીના થાંભલા તૂટી પડ્યા હતાં. જેના કારણે પાર્ક કરેલાં વાહનોને નુકસાન થયું હતું. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. ઉમરસાડી દેસાઈવાડ ગ્રામ પંચાયતના બાજુમાં રહેતા ભાજપના મંત્રી ધવલ દેસાઈના ઘર નજીક ગ્રામ પંચાયત પાસે વૃક્ષ પડતા ૨ વીજળીના પોલ ધરાશાયી થઈ ગયા હતાં. વીજપોલ ધરાશાઈ થવાનો વિડિઓ નજીકમાં લાગેલ સીસી કેમેરામાં કેદ થયો હતો.

## મેંધરમાં બે દિવસમાં 90 મીટર વોટર વે ખુલ્લો કરાયો

**મેંધર,** ભાઠા, મોરલી, કલમઠા, વાસણ, છાપર સહિતના ગામોને વરસાદી પાણીની સમસ્યામાંથી રાહત મળશે

નવસારીઃ ગણદેવી તાલુકાના મેંધર ગામ અને આસપાસના કાંઠા વિસ્તારમાં વર્ષોથી વરસાદી પાણીના નિકાલની સમસ્યાનો સામનો કરી રહેલા ગ્રામજનો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ કુદરતી પાણીના વહેણ માર્ગ (વોટર વે)ને પુનઃસ્થાપિત કરવા વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી છે.

કાંઠા વિભાગ પિયત સહકારી મંડળી-ભાઠા દ્વારા તા. 25 મેએ જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતને ગંભીરતાથી લઈ કલેક્ટરે સંબંધિત વિભાગોને તાત્કાલિક સંકલિત કાર્યવાહી કરવા સૂચના આપી હતી. તેના અનુસંધાને તા. 3 જૂને પ્રાંત અધિકારી ચીખલી રોશની પટેલ, મામલતદાર ગણદેવી, ડી.આઈ.એલ.આર., ફિશરીઝ વિભાગ તથા તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓએ સ્થળ મુલાકાત લઈ સંયુક્ત સરવે હાથ ધર્યો હતો. સરવે દરમિયાન કુદરતી જળપ્રવાહ માટેના અવરોધો દૂર કરી વોટર વેને પુનઃકાર્યરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જિલ્લા માપણી શાખા દ્વારા વોટર વેનું ડિમાર્કેશન કર્યા બાદ ત્રણ જેસીબી મશીનોની મદદથી કામગીરી શરૂ કરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં તા. 4 જૂને અંદાજે 45 મીટર અને તા. 5 જૂને વધુ 45 મીટર મળી કુલ 90 મીટર જેટલો વોટર વે ખુલ્લો કરવામાં આવ્યો છે. મેંધર તથા આસપાસના કાંઠા વિસ્તારના વહીવટીતંત્રની આ કામગીરી પૂર્ણ થયા બાદ મેંધર, ભાઠા, મોરલી, કલમઠા, વાસણ, છાપર સહિતના ગામોને વરસાદી પાણીના નિકાલમાં રાહત મળશે.

## નવસારીમાં 100 દિવસમાં 2.50 લાખ વૃક્ષોનું વાવેતર કરાશે

**સ્વચ્છતાને** પણ પ્રાધાન્ય આપવા તંત્ર તૈયાર



નવસારીઃ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે નવસારી શહેરમાં સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને કેન્દ્રસ્થાને રાખી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાનગરપાલિકાના આગેવાનો, અધિકારીઓ અને નાગરિકોની ઉપસ્થિતિમાં શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા માટે સફાઈ અભિયાન યોજાયું હતું. શાંતાદેવી રોડથી વંદેમાતરમ ચોક સુધી આયોજિત સફાઈ અભિયાનમાં મેયર અશોક ધોરાજિયા, મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય, ધારાસભ્ય રાકેશ દેસાઈ સહિતના આગેવાનોએ સ્વયં ભાગ લઈ સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન નાગરિકોને જાહેર સ્થળો સ્વચ્છ રાખવા, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને પર્યાવરણ પ્રત્યે જવાબદાર બનવા અપીલ કરવામાં આવી હતી.

આ અવસરે નવસારી મહાનગરપાલિકાએ આગામી 100 દિવસમાં સમગ્ર શહેરમાં 2.50 લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક જાહેર કર્યો હતો. વૃક્ષારોપણ સાથે તેના જતન અને સંવર્ધન પર પણ ખાસ ધ્યાન આપવામાં આવશે. આ અભિયાન અંતર્ગત માર્ગો, જાહેર બગીચાઓ, સરકારી જગ્યાઓ તથા અન્ય ઉપલબ્ધ વિસ્તારોમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

### પારડીની વલ્લભાશ્રમ સ્કૂલનાં પટાવાળાં ભેદી સંજોગોમાં ગુમ

પારડીઃ પારડીના કોટલાવ મંદિર ફળિયામાં રહેતા અને પારડીની વલ્લભાશ્રમ સ્કૂલમાં છેલ્લાં ૨૦ વર્ષથી પટાવાળા તરીકે ફરજ બજાવતા કલ્પેશભાઈ ભાણાભાઈ પટેલની 33 વર્ષીય પત્ની પૂજાબેન ગત 30 મેના રોજ ગુમ થયાની ફરિયાદ નોંધાઈ હતી. ગત 30 મેના રોજ સવારે કલ્પેશભાઈ તેમની પત્નીને વલ્લભાશ્રમ પાસે, HP ગેસના ગોડાઉન સામે રોડ પર ઉતારીને પોતાની ફરજ પર ગયા હતા. સાંજે 5 વાગ્યે તેઓ પત્નીને લેવા પહોંચ્યા ત્યારે પૂજાબેન ત્યાં મળ્યા ન હતા અને તેમનો મોબાઈલ પણ સ્વિચ ઓફ આવતો હતો. સ્કૂલના સુપરવાઈઝરની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે પૂજાબેન તે દિવસે સવારથી નોકરી પર આવ્યા જ ન હતા. પતિ કલ્પેશે તેમના પત્ની પૂજા ગુમ થયાની પારડી પોલીસ મથકે ફરિયાદ કરી હતી.

## વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલમાં વિવિધ સ્પર્ધા યોજાઈ

વાપીઃ વાપી સ્થિત સીબીએસસી શાળા સમર્પણ જ્ઞાન સ્કૂલમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ શાળા પરિસરમાં વિવિધ છોડ વાવી હરિયાળું અને સ્વચ્છ પર્યાવરણ જાળવવાનો સંકલ્પ કર્યો હતો. આ ઉપરાંત ક્વીઝ, સૂત્રલેખન અને પર્યાવરણ સંરક્ષણ વિષયક વક્તવ્ય જેવી કૃતિઓ કરાવી હતી. સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલે વિદ્યાર્થીઓને પર્યાવરણના મહત્વ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, વૃક્ષો અને કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવું આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.